
માઁ તો માઁ છે




માઁ તો માઁ છે




શંકર

ચિત્ર : પુલક બિસ્વાસ




એક સાંજે રવિએ એક કેરી ના ઝાડ
ની ડાળી પર એક ખિસકોલી અને
એના બચ્ચા ને બેસેલા જોયા.

એ એક પાકેલી કેરી ને પકડી ને સાથે
મળીને ખાઈ રહ્યા હતા.



રવિએ એક પથ્થર ઉઠાવ્યો અને
ખિસકોલી પર ફેંક્યો.



ખિસકોલી ની માઁ ડરી ગઈ. એણે કેરી છોડી
દીધી. કેરી જમીન પર પડી ગઈ.

પણ ખિસકોલી ના બચ્ચાએ હજી કેરી પકડી
રાખી હતી, એટલે એ પણ જમીન પર પડી ગયું.



નાની ખિસકોલીએ ભાગવાની કોશિશ કરી, પણ રવિએ એને પકડી લીધી અને એને લઈને ઘર તરફ દોડયો.

રવિએ ખિસકોલી ની માઁ ને એની પાછળ રડતા સાંભળી.







રવિ ને ખિસકોલી નું બચ્ચું બહુ ગમ્યું. એ એને એક પાળેલા પ્રાણી ની જેમ રાખવા ચાહતો હતો. એણે ખિસકોલી ના બચ્ચા ને એક પાંજરા માં રાખ્યું અને એને પોતાના શયનખંડ માં લઈ ગયો.

રવિએ થોડા મમરા અને એક કટોરી પાણી પાંજરા માં રાખ્યા. એ પછી રવિ રમવા ચાલ્યો ગયો.




રવિ જયારે ઘરે પાછો ફર્યો ત્યારે અંધારું થઈ ગયું હતું. એ એના પાળેલા પ્રાણી ને જોવા દોડયો.

એણે ખિસકોલી ની માઁ ને પાંજરા પાસે બેસેલી જોઈ. એના રૂમ માં આવતા જ એ બારી માં થી બહાર ભાગી ગઈ.

રવિએ એના પાળેલા પ્રાણી સામે જોયું. ખિસકોલી ના બચ્ચા એ મમરા ખાધા ન હતા. પણ કેરી ના થોડા ટુકડા પાંજરા માં પડયા હતા.


તેથી રવિ ને ખબર પડી કે ખિસકોલી ની માઁ કેરી ના ટુકડા એના બચ્ચા ને ખવડાવવા લાવી હતી.





જયારે એ પાછો આવ્યો ત્યારે
એણે જોયું કે ખિસકોલી ની માઁ
બારી ની બહાર બેઠી હતી.


એ એને ભગાવવા માટે દોડયો.
જેવી રવિ એ બારી ખોલી
ખિસકોલી ની માઁ ગાયબ થઈ
ગઈ.



રવિ ચાહતો ન હતો કે ખિસકોલી ની માઁ એના રૂમ માં આવે અને
એના પાળેલા પ્રાણી ને ખવડાવે. એટલે રવિએ બારી બંધ કરી
દીધી. પછી રવિ જમવા ચાલ્યો ગયો.


રવિ એક ખુરશી પર બેસી ગયો અને એક પુસ્તક વાંચવા લાગ્યો. પણ એની આંખો એકધારી બારી પર હતી.

થોડી વાર માં એણે બહાર કંઇક ચાલતું જોયું. ખિસકોલી ની માઁ ફરીવાર આવી હતી.



રવિ, ખિસકોલી ની માઁ ને ભગાવવા ચાહતો હતો. એણે એક ડંડો લીધો અને જલ્દી થી બારી તરફ દોડયો.

પણ ખિસકોલી એના ત્યાં પહોંચવા પહેલા જ જઈ ચુકી હતી.





રવિ એ એના દંડા થી બારી ના ચોકઠાં પર પ્રહાર કર્યો, જેથી ખિસકોલી નજીક હોય તો ડરી ને ભાગી જાય.

એ પછી એ પાછો ખુરશી પર બેસી ગયો. થોડી વાર માં ખિસકોલી ની માઁ ફરી બારી પાસે આવી.

રવિ ગુસ્સા માં હતો. એ બારી તરફ દોડયો. પણ ખિસકોલી બહુ ચપળ હતી. એ અંધારા માં ગાયબ થઈ ગઈ.







રવિ ખિસકોલી ની માઁ ને મારવા ચાહતો હતો જેથી એ પાછી ન આવે. એ પડદા ની પાછળ છુપાઈ ગયો અને ચુપચાપ ખિસકોલી ના આવવાની રાહ જોવા લાગ્યો. પણ ખિસકોલી ની માઁ આવી નહીં. રવિ બહુ વાર સુધી ત્યાં ઉભો રહ્યો.

એણે રાહ જોઈ, અને રાહ જોઈ, પણ ખિસકોલી ફરી આવી નહીં.

હવે મોડું થઈ રહ્યું હતું. રવિ એ વિચાર્યું કે જ્યાં સુધી એ ત્યાં છે ત્યાં સુધી ખિસકોલી ની માઁ રૂમ માં આવવાની હિમ્મત નહીં કરે, એટલે એ સૂવા ગયો. એણે લાઈટ ચાલુ રાખી.

રવિ એના ગાદલા માં સૂતો-સૂતો બારી ને જોતો રહ્યો. એ સૂઈ ન શક્યો.







ખિસકોલી ની માઁ ફરી આવી. રવિ જોવા ઈચ્છતો હતો કે એ શું કરશે. એટલે રવિ હલ્યો નહીં અને કોઈ અવાજ ન કર્યો. ખિસકોલી થોડીવાર બારી માં બેસી રહી, અને ધ્યાન થી બધી બાજુ જોતી રહી. પછી એ ધીરેથી એના બચ્ચા ને બોલાવવા લાગી.

ખિસકોલી ના બચ્ચા એ ધીમેથી રડતા-રડતા એની માઁ ને ઉત્તર આપ્યો. માઁ થોડીવાર ચૂપ રહી. એણે ફરી એના બચ્ચા ને બોલાવ્યું. નાના બચ્ચા એ પહેલા ની જેમ જ ઉત્તર આપ્યો.



ખિસકોલી ની માઁ પાંજરા પર કૂદી. પાંજરા ના સળિયા ની વચ્ચે થી માઁ અને બચ્ચું ખુશી-ખુશી એક-બીજા ને વળગી રહ્યા.

ખિસકોલી ની માઁ એ પ્રેમ થી થોડા અવાજો કર્યા, અને બચ્ચા એ રોતા-રોતા જવાબ આપ્યો.

થોડીવાર માં બચ્ચા એ રોવાનું બંધ કર્યું. એ સૂઈ ગયું હતું.

પણ ખિસકોલી ની માઁ ધ્યાન થી એના બચ્ચા ને જોતી રહી. થોડા-થોડા સમયે એ અવાજ કરતી, જાણે એના બચ્ચા ને કહી રહી હોય કે એ સુરક્ષિત છે. કલાકો વીતી ગયા .રવિ સૂઈ ન શક્યો. એ બંને ખિસકોલી ને જોતો રહ્યો. રવિ સવાર સુધી જાગતો રહ્યો.








રવિ જયારે ઉઠયો તો ખિસકોલી ની માઁ એ જોરથી અવાજ કર્યો જાણે એ એના બચ્ચા ને જગાડતી હોય. એ પછી એ ખુલ્લી બારી માં થી બહાર ભાગી ગઈ.

ખિસકોલી નું બચ્ચું જયારે જાગ્યું તો એણે જોયું કે એની માઁ જઈ ચુકી હતી. એ જોર-જોરથી રડવા લાગ્યું, અને એની માઁ ને બોલાવવા લાગ્યું.






રવિ ને ખિસકોલી ના બચ્ચા પર બહુ દયા આવી. હવે એને લાગ્યું કે બચ્ચા ને એની માઁ થી અલગ કરીને એણે સારું નથી કર્યું. એણે વિચાર્યું કે એવું કરીને એણે એ બંને ને બહુ દુઃખી કર્યા હતા.

એણે ખિસકોલી ના બચ્ચા ને પાંજરા માં થી બહાર કાઢ્યું અને કેરી ના ઝાડ તરફ દોડયો.

એ ઝાડ પર ચઢ્યો અને સાવધાની થી ખિસકોલી ના બચ્ચા ને ઝાડ ની એક ડાળી પર રાખી દીધું.

એ ફરી નીચે ઉતર્યો અને થોડી દૂર જઈને ઉભો રહ્યો.





તુરંત ખિસકોલી ની માઁ આવી. રવિ એ એને ઝાડ પર ચઢતા જોઈ.

એણે માઁ અને બચ્ચા ને એક સાથે જોયા. બંને એ એક-બીજા ને બોલાવ્યા અને એક-બીજા ને ગળે લગાવ્યા અને ચુંબન કર્યા.

રવિ એ ખિસકોલી ની માઁ અને બચ્ચા વચ્ચે અથાગ પ્રેમ જોયો. બંને ખિસકોલી ને સાથે જોઈને રવિ ને ખુશી થઈ. એ ખુશ હતો કે એણે બચ્ચા ને એની માઁ ને પરત કર્યું હતું.

સમાપ્ત